આરબીઆઇ / 2004-05 / 348
ડીસીએમ (આરએમએમટી) નં. 1403/11.31.01/2004-05

19 જાન્યુઆરી, 2005

પ્રતિ,
ચેરમેન તથા મેનેજિંગ ડારયેકટરશ્રી
તમામ જાહેર / ખાનગી ક્ષેત્રની બેંકો

સાહેબશ્રી,

**બેંકની શાખાઓ દ્વારા સિક્કાઓનો અસ્વિકાર**

કૃપા કરી અમારા તા. 9 ઓકટોબર 2003 ના પરિપત્ર ડિલીએમ (આરએમએનટી) નં. 404/11.31.01/2003-04 તથા તા. 5 એપ્રિલ, 2004 ના પરિપત્ર ડિસીએમ (આરએમએમટી) નં. 1181/11.37.01/2003-04 ને ધ્યાનમાં લેશો, જેના અંતર્ગત સુચન કરવામાં આ્યું છે કે દરેક બેંકે તેની તમામ શાખાઓ, બધાજ ડિનોમીનેશનના સિક્કાઓ છુટથી સ્વિકારે તેવી જોગવાઇ કરવી. ઉપરાંત પરિપત્ર છતા દેશના વિવિધ ભાગોમાંથી બેંકની શાખઓ સિક્કાઓ ન સ્વિકારતી હોવાની ફરીયાદો અમોને મળી રહી છે. આવીજ ફરીયાદો સરકારશ્રીને મળી રહી છે તથા અવારનવાર છાપાઓમા પણ આવી ખબરો છપાતી રહે છે. આવી ઘટનાઓ ન ઘટે (જેથી છાપ બગડે) તે માટે આપના કર્મચારીઓને યોગ્ય માર્ગદર્શન આપશો. તદઉપરાંત, રીજીયોનલ / શ્રેત્રીય મેનેજરો દ્વારા ઓચિંતી ચકાસણી વિગેરેનું પણ આયોજન કરવાની સલાહનુ પૂર્ણ પણે આ મુદ્દા માટે પાલન કરશો અને તે અંગેના રિપોર્ટસ મુજબ કચેરી ખાતે યોગય રીતે ચકાસશો

આ પત્ર મળ્યાની જાણ કરશો.

આપનો વિશ્વાસુ,

(યુ.એસ.પાલીવાલ)
મુખ્ય મહાપ્રબંધક